# માંગરોળમાં DGVCLના વ્યાપક દરોડા

**44 ટીમે** સવારથી જ જુદાં જુદાં મીટરમાં ચેકિંગ કર્યું

**82 કેસમાં** ગેરરીતિ મળી આવતાં 1 કરોડ જેટલો દંડ કરાયો

હથોડા: સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં મંગળવારે સવારથી જ દક્ષિણ ગુજરાત વીજ કંપનીની વિજિલન્સની ટીમે પોલીસની મદદથી છે જેટલાગામોમાં દરોડા પાડ્યા હતાં. જેમાં 82 કેસમાં ગેરરીતિ મળી આવતા 1 કરોડ જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ પહેલા પણ આ વિસ્તારમાંથી વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. ડીવાયએસપી કક્ષાના પોલીસ અધિકારીની હાજરીમાં 67 જેટલા પોલીસ જવાનની મદદથી અહીં દરોડા પાડવામાં આવ્યા હતા અને કુલ 784 કનેક્શન તપાસવામાં આવ્યાં હતાં.

જુદાં જુદાં શહેર અને સ્થાનિક અધિકારીઓની મદદથી આ કાર્યવાહી કરવામાં આવી હતી.


ઈબ્રાહિમ કાનુ

| આ ગામોમાં તપાસ હાથ ધરવામાં આવી | |
|---|---|
| મોટા બોરસરા | હથોડા |
| કોઠવા | શિયાલજ |
| ભાટકોલ | શેઠી |

| વીજ ચેકિંગમાં આ વિસ્તારની ટીમ જોડાઈ | |
|---|---|
| વડોદરા | કોસંબા |
| ભરૂચ | મોટા બોરસરા |
| અંકલેશ્વર | ---- |

| | |
|---|---|
| 06 ગામ | 44 ટીમ |
| 67 પોલીસ જવાન | 784 કનેક્શનમાં તપાસ |
| 82 કેસ મળ્યા | 01 કરોડનો દંડ |


ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (DGVCL / વીજ કંપ...

ચકાસણી પત્રક / તપાસ અહેવાલ — માંગરોળ વીજ કચેરી

તારીખ: ૦૬/૧૦/૨૦૨૬ — તાલુકો: માંગરોળ — જિલ્લો:

ચકાસણી હેઠળના વિસ્તારો અને પ્રવૃત્તિઓ

| ગામ/વિસ્તારનું નામ | તપાસનો પ્રકાર | શેરો/કાર્ય... |
|---|---|---|
| મોટા બોરસરા | વીજ મીટર તપાસ | શંકાસ્પદ કેસ |
| શિયાલજ | વીજ ચોરી ચકાસણી | કાયદાકીય ક... |
| કોઠવા | ડાયરેક્ટ જોડાણ તપાસ | દંડ આકારણી |
| હથોડા | કેબલ બદલવા અંગે | દંડ આકારણી |
| ભાટકોલ | આપોલી | નોટિસ બજાવેલ |
| શેઠી | રીડિંગ મેળવવા | નોટિસ બજાવેલ |

સમગ્ર કામગીરી વીજ કંપનીના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. યોગ્ય કાનૂની અને વહીવટી પગલાં ભરવામાં આવશે.

અધિકારીની સહી: ________ હોદો: ________ સ્થળ: માંગરોળ સમય: ________

## સિવાણમાં બેભાન થઈ જતાં વૃદ્ધનું મોત

સાયણ: સુરતના સિંગણપોરની સરિતા દર્શન સોસાયટીમાં રહેતા અને મૂળ બોટાદના ગોરડકા ગામના ૬૪ વર્ષીય સુરેશભાઈ અધાભાઈ સોનાણીનું અચાનક અવસાન થયું છે. તેઓ ઓલપાડના સિવાણ ગામ ખાતે આવેલી ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિઝ એસ્ટેટની 'બ્રહ્મ ટેક્સટાઈલ' કંપનીની ઓફિસમાં તેઓ પહેલા માળે ખુરશીમાં બેઠા હતા. દરમિયાન સાંજે ૬ વાગ્યાના સુમારે અચાનક બેભાન થઈ જતાં તેમને તાત્કાલિક સાયણની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસીને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક અનુમાન મુજબ તેમનું મોત હાર્ટએટેક આવવાથી થયું હોવાનું મનાઈ રહ્યું છે. આ ઘટના અંગે મૃતકના પુત્ર મુકેશ સોનાણીએ જાણ કરતાં ઓલપાડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોસંબા મર્કન્ટાઈલ બેંકની ચૂંટણીમાં KYC પ્રક્રિયા સામે સભાસદોનો વિરોધ

**ચૂંટણી** કમિટીને આવેદનપત્ર પાઠવાયું


ઈબ્રાહીમ કાનુ

હથોડા: ધી કોસંબા મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની ચૂંટણી સંદર્ભે KYC (નો યુઅર કસ્ટમર) પ્રક્રિયાને લઈને સભાસદોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. આ અંગે સભાસદો દ્વારા ચૂંટણી સમિતિને આવેદનપત્ર પાઠવી ગંભીર રજૂઆતો અને માંગણીઓ રજૂ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં સભાસદોએ આક્ષેપ કર્યો છે કે, બેંક દ્વારા KYC ન કરાવનાર સભાસદોને મતદાન પ્રક્રિયાથી વંચિત રાખવા તથા ભવિષ્યમાં ડિવિડન્ડ અને ભેટ-સોગાદો ન આપવાની વાતો કરવામાં આવી રહી છે. વળી, ચૂંટણી સમિતિની નિમણૂક થાય એ પહેલાં જ તા.૩૦/૯/૨૦૨૬ના રોજ KYC પ્રક્રિયા અચાનક બંધ કરી દેવામાં આવી હતી. સભાસદોએ સવાલ ઉઠાવ્યો છે કે આ અંગે સભાસદોને લેખિત, મૌખિક કે મેસેજ દ્વારા યોગ્ય જાણ કરવામાં આવી હતી કે નહીં? નોકરી, ધંધા કે સામાજિક વ્યવસ્થાથી અન્ય સ્થળે કે બીજા જિલ્લામાં સ્થળાંતરિત થયેલા સભાસદોના સ્થાનિક ઓળખપત્રોને ધ્યાને ન લઈને તેમને મતદાનથી દૂર રાખવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરાયો છે. સભાસદોના જણાવ્યા મુજબ ચાલુ ડાયરેક્ટરો દ્વારા ચોક્કસ બદઈરાદાપૂર્વક મતદારોને મતાધિકારથી દૂર કરવાનો તખ્તો ઘડવામાં આવ્યો છે.

સભાસદોએ માંગણી કરી છે કે, આ ગેરકાયદે પ્રક્રિયા તાત્કાલિક અટકાવી તમામ નોંધાયેલા સભાસદોને મતદાર યાદીમાં સમાવી લેવામાં આવે. સાથોસાથ KYC પ્રક્રિયા માટે યોગ્ય કાયદેસરની ગાઈડલાઈન નક્કી કરી તેના દિવસો લંબાવવામાં આવે. આ આવેદનપત્રની નકલ ડિસ્ટ્રિક્ટ રજિસ્ટ્રાર (સુરત) તથા માંગરોળના ધારાસભ્ય ગણપતસિંહ વસાવાને પણ રવાના કરવામાં આવી છે.

# સ્ટોક માર્કેટમાં રોકાણના નામે માસમાના વેપારી સાથે રૂ.22.56 લાખની ઠગાઈ

**વીઆઈ62** જીનિયસ ઇનોવેશન કેપિટલ ગ્રુપમાં જોઈન્ટ કરી એપ ઇન્સ્ટોલ કરાવી રૂપિયા પડાવ્યા

સાયણ: ઓલપાડના માસમા ગામના વેપારી સાથે શેરબજારમાં રોકાણના નામે રૂ.22,56,000ની મોટી છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. વીઆઈ62 જીનિયસ ઇનોવેશન કેપિટલ ગ્રુપમાં જોઈન્ટ કરી એપ ઇન્સ્ટોલ કરાવી રૂપિયા પડાવતાં અંતે આ અંગે ઓલપાડ પોલીસ મથકે અજાણ્યા ઠગબાજ સામે ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ઓલપાડના માસમા ગામે રહેતા હરિપ્રસાદ નાયકાએ તા.21/1/2025થી તા.5/3/2025 દરમિયાન મો.નં. 8446677425 વાળા અજાણ્યા ઈસમે સંપર્ક કરી વીઆઈ62 જીનિયસ ઇનોવેશન કેપિટલ નામના વોટ્સએપ ગ્રુપમાં જોઈન્ટ કરાવ્યા હતા. ગ્રુપમાં આરોપીઓ દ્વારા રોજબરોજ સ્ટોક માર્કેટનો ચાર્ટ વોટ્સએપ ગ્રુપમાં મૂકી શેર માર્કેટમાં ઇન્વેસ્ટ કરવાથી સારો પ્રોફિટ મળે તેવી લોભામણી લાલચ આપી મારા વોટ્સએપ ઉપર એક લિંક મોકલી નીર્મેઈટ નામની એપ્લિકેશન ઇન્સ્ટોલ કરાવી હતી.

મો.નં.8446677425 વાળા ઈસમે વોટ્સએપ ચેટમાં ઇન્વેસ્ટ કરાવનાર તરીકે ખોટી ઓળખાણ આપી આ એપ્લિકેશન માધ્યમથી અલગ-અલગ એકાઉન્ટમાં સ્ટોક માર્કેટમાં ઇન્વેસ્ટ કરવા માટે વીઆઈ62 વોટ્સએપ ગ્રુપમાં અલગ અલગ જાહેરાત આપવામાં આવતી, તે મુજબ આ મોબાઈલ નંબરવાળા ઈસમે તા.5/2/2025થી તા.11/3/2025 સુધીમાં મારા અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી તબક્કાવાર કુલ રૂ.22,56,000 ટ્રાન્સફર કરાવી લીધા હતા. બાદ નફો ન મળતાં અને મૂડી પરત ન મળતાં પોતે છેતરાયા હોવાનું માલૂમ પડ્યું હતું. આ અંગે ભોગ બનનારે સાયબર ક્રાઈમ પોર્ટલ નં.31108260190014 પર ફરિયાદ કરતાં ઓલપાડ પોલીસે તા.5/10/2026 રોજ ગુનો નોંધી વધુ તપાસ PI ચેતનકુમાર જાદવ કરી રહ્યા છે.

## કુવાદ ગામે ઓરિસ્સાના શ્રમિકનો આપઘાત

સાયણ: મૂળ ઓરિસ્સાના સુંદરગઢનો શ્રમિક દેબાનંદ લક્ષ્મણ બડાઈક (ઉં.વ.૧૮) હાલ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારની દરિયાઈ પટ્ટીના કુવાદની સીમમાં આવેલા પ્રદીપ પરભુભાઈના પટેલના ઝીંગા તળાવ ઉપર મજૂરીકામ કરતો હતો. દેબાનંદે ગત તા.૪ના રોજ રાત્રે ૧૧થી બીજા દિવસની વહેલી સવારના સમયગાળા દરમિયાન ઝીંગા તળાવની પાછળના ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર આવેલા પતરાંવાળા છાપરાની લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગાળિયો બનાવી ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બાબતે ઝીંગા તળાવના માલિક પ્રદીપ પટેલે ઓલપાડ પોલીસ મથકમાં જાણ કરી હતી. જેના પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો. પ્રવીણ નાનુ કરી રહ્યા છે.

# માંડવી નગરમાં પીવાના પાણીમાં ગટરનું પાણી ભળતાં લોકોમાં આક્રોશ

**વોર્ડ** નં.૬ના દશેરા પીપરડી વિસ્તારમાં સાત દિવસથી દૂષિત પાણી આવતાં પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી


હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરપાલિકાના અણઘડ વહીવટ અને સંકલનના અભાવે સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થતા હોવાનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વોર્ડ નં.૬ના દશેરા પીપરડી વિસ્તારમાં છેલ્લા સાત દિવસથી પીવાના પાણીની લાઈનમાં ગટરનું દૂષિત પાણી આવતું હોવાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો.

દશેરા પીપરડી વિસ્તારમાં અગાઉ ડીજીવીસીએલ અને ત્યારબાદ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલા કામકાજ દરમિયાન બેદરકારી દાખવવામાં આવી હતી. આ ખોદકામ અને કામગીરીમાં પીવાના પાણીની મુખ્ય લાઈન તૂટી ગઈ હતી. પરિણામે આ લાઈનમાં ગટરનું દુર્ગંધયુક્ત અને જીવલેણ પાણી ભળવા લાગ્યું હતું. છેલ્લા એક સપ્તાહથી આ વિસ્તારમાં રહેતા શ્રમિક અને આદિવાસી પરિવારોને આ જ દૂષિત પાણી પીવા મજબૂર થવું પડ્યું હતું.

નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ન લેવાતાં આખરે લોકોના સબરનો બાંધ તૂટ્યો હતો. ગત રાત્રે 11 વાગ્યાની આસપાસ સ્થાનિકોએ એકઠા થઈને રસ્તા પર ઊતરી તંત્ર વિરુદ્ધ ભારે સૂત્રોચ્ચાર અને હોબાળો મચાવ્યો હતો. પરિસ્થિતિ વણસતી જોઈને ઘટના સ્થળે પોલીસ કાફલાને બોલાવવો પડ્યો હતો. લોકોનો આક્રોશ એટલો ઉગ્ર હતો કે પાલિકા પ્રમુખ અને અન્ય સભ્યોએ મધરાતે જ ઘટના સ્થળે દોડી જવું પડ્યું હતું. આખરે પાલિકાએ લાઈનના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી હતી.

## તેનમાં કારખાનામાં ખુરશી પરથી પડી જતાં પ્રૌઢનું મોત

બારડોલી: બારડોલીના તેનમાં આવેલા સ્ટાર ઈલેક્ટ્રોપ્લેટર્સ કારખાનામાં ખુરશી પર બેઠેલા મૂળ તાપીના સોનગઢ સ્થિત ડોસવાડા ગામના ૫૪ વર્ષીય હરેશભાઈ ચેમાભાઈ ગામીત ૨૮ સપ્ટેમ્બરે અચાનક નીચે પટકાઈ ગયા હતા. કારખાનાના શેઠના પુત્ર તેમને વતન ડોસવાડા પહોંચાડ્યા બાદ પરિવારે તેમને ૧૦૮ મારફતે સોનગઢ સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકની પુત્રી કમળાબેને સોનગઢ પોલીસમાં જાણ કરતાં બનાવ બારડોલીની હદનો હોવાથી કાગળો ઝીરો નંબરથી ટ્રાન્સફર કરાયા હતા. બારડોલી ટાઉન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ અમીતભાઈ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

# પરીઆમાં જેટકોને ગોચર જમીન ફાળવાતાં વિરોધ

**ગ્રામજનોના** વિરોધ વચ્ચે જેટકોએ પોલીસનો કાફલો બોલાવી કામ ફરી શરૂ કરાવ્યું

સાયણ: ઓલપાડના પરીઆ ગામે સરવે નં.૩૩૬ (બ્લોક નં.૩૯૮)માં આવેલી ૧૭ વીઘાં સરકારી ગોચરની જમીનમાં 'જેટકો' કંપની દ્વારા નવા ૨૨૦ કે.વી. સબ વીજ સ્ટેશન માટે કામ શરૂ કરાતાં ગ્રામજનોએ આક્રોશ સાથે કામ અટકાવ્યું હતું. સુરત કલેક્ટર દ્વારા આ જમીન કંપનીને ફાળવવામાં આવી હતી. વિરોધને પગલે કંપનીના અધિકારીઓએ પોલીસ મધ્યસ્થી મેળવતાં પોલીસ બંદોબસ્ત હેઠળ અટકાવેલું કામ સાંજે ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

સરપંચ અનિરુદ્ધસિંહ ગોહિલની અધ્યક્ષતામાં પંચાયત ઓફિસે યોજાયેલી મિટિંગ નિષ્ફળ જતાં ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. પંચાયતે 'જેટકો'ની ભરૂચ ઓફિસને લેખિત નોટિસ ફટકારી છે. સરપંચે જણાવ્યું હતું કે, ગુજરાત પંચાયત ધારાની કલમ-૯૮, ૧૦૮ અને ૧૦૯ મુજબ ગોચર પંચાયત હસ્તક છે, જેની જાળવણી અને રક્ષણની જવાબદારી ગામની છે. બંધારણની કલમ-૪૦ મુજબ ગ્રામસભા આખરી સત્તા ધરાવે છે. અગાઉ તા.૧૮/૬/૨૦૨૨ અને તા.૨૮/૭/૨૦૨૩ની ગ્રામસભામાં જમીન ન સોંપવા અંગેના વિરોધ ઠરાવો પસાર કરાયા હતા. ઉપરાંત સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ પણ ગ્રામસભા કે પંચાયતના અભિપ્રાય વિના ગોચર ફાળવી શકાય નહીં. મામલો હાઈકોર્ટમાં પણ હોવાથી ગ્રામજનોએ ખેડૂત સમાજને સાથે રાખી જલદ આંદોલનની ચીમકી આપી છે.

# તડકેશ્વરમાં બેટરી ચોરીનો પર્દાફાશ: 3 આરોપી ઝડપાયા

માંડવી: તડકેશ્વર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાર્ક કરેલા ટ્રકોમાંથી બેટરીની ચોરી કરતી ગેંગનો પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે વોચ ગોઠવીને પોલીસે ત્રણ આરોપીને ઝડપી પાડી, તેમની પાસેથી ચોરાયેલી બેટરીઓ સહિત કુલ રૂ.૧,૨૮,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પેટ્રોલિંગ દરમિયાન પોલીસને કીમ-માંડવી રોડ પર જૂના ટોલ પ્લાઝા પાસે અને માધવ કોમ્પ્લેક્સમાં ઊભેલી ટ્રકોમાંથી બેટરી ચોરી કરી નાની નરોલીથી તડકેશ્વર તરફ જઈ રહેલા ત્રણ શખ્સો અંગે બાતમી મળી હતી. પોલીસે મોટરસાઈકલ પર આવતા આ શખ્સોને આંતરીને તપાસ કરતાં ગુલાબી કોથળામાંથી બે બેટરી મળી આવી હતી. કડક પૂછપરછમાં તેમણે ચોરીની કબૂલાત કરી હતી અને અન્ય બેટરીઓ ઝાડીમાં સંતાડી હોવાનું જણાવતાં પોલીસે તે પણ રિકવર કરી હતી. પકડાયેલા આરોપીઓ નિતેશ વસાવા, અનિલ વસાવા અને નિકુંજ ઉર્ફે વાસુ વસાવા (તમામ રહે.,નાની નરોલી, માંગરોળ) છે. પોલીસે વિવિધ કંપનીની ૧૨ બેટરી, એક મોટરસાઈકલ અને મોબાઈલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કામગીરી પી.આઈ. એમ.એચ. સોલંકી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.


હિતેશ પટેલ

# એના ટોલ પ્લાઝા પાસે પશુઓ ભરેલો ટેમ્પો ઝડપાયો

**૯ ભેંસને** કતલખાને લઈ જવાતી હોવાની આશંકા

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં એના ટોલ પ્લાઝા પાસે નેશનલ એક્સપ્રેસ વે-૪ પરથી ગેરકાયદે રીતે કતલખાને લઈ જવાતી ૯ ભેંસ ભરેલો અશોક લેલેન્ડ ટેમ્પો ઝડપી પાડવામાં આવ્યો છે. ગૌરક્ષકોની બાતમી અને મદદથી પોલીસે રૂ.૬.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે આરોપી સામે ગુનો નોંધ્યો છે.

મંગળવારે વહેલી સવારે આશરે ૩ વાગ્યાના સુમારે ગૌરક્ષક મહાવીર હરકચંદ જૈને શંકાસ્પદ જણાતો અશોક લેલેન્ડ ટેમ્પો નં.(GJ-03-AZ-0387) પલસાણા પોલીસ સ્ટેશને લાવીને જાણ કરી હતી કે આ ટેમ્પોમાં પશુઓને ધંધુકાથી માલેગાંવ કતલખાને લઈ જવામાં આવી રહ્યાં છે. આ માહિતીના આધારે એ.એસ.આઈ. મિતાલીબેન હરીશકુમારે પંચોને સાથે રાખીને ટેમ્પાની તપાસ કરતાં તેમાં પાસ-પરમિટ વગર, પાણી કે ઘાસચારાની સગવડ વિના અને ટૂંકા દોરડે ખીચોખીચ બાંધેલી ૯ ભેંસ મળી આવી હતી. પોલીસે ટેમ્પાના ચાલક અક્રમ ઈકબાલભાઈ તકરવાડીયા (રહે.,સિહોર, જિ.ભાવનગર) ની અટકાયત કરી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ ભેંસો ધંધુકાથી મજીદભાઈ વલીભાઈ તરકવાડીયા (રહે.,વલભીપુર, જિ.ભાવનગર) એ ભરાવી આપી હતી. આ મામલે પોલીસે રૂ.૧,૮૦,૦૦૦ની ૯ ભેંસ અને રૂ.૫,૦૦,૦૦૦નો ટેમ્પો મળી કુલ રૂ.૬,૮૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને આરોપી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### મઢી-બારડોલી સુગરમાં ચુંટાયેલા કડોદ વિભાગના ડિરેક્ટરોનું સન્માન કરાયું


ચેતન ટેલર, કેતન પટેલ

કડોદ: કડોદ વિભાગ નાગરિક સહકારી ધિરાણ મંડળી તથા કડોદ વિભાગ સેવા સહકારી મંડળીના ઉપક્રમે બારડોલી તથા મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર પદે ચુંટાયેલા સંસ્થાના સભાસદોનું સન્માન નાગરિક સહકારી ધિરાણ મંડળીના બોર્ડ રૂમમાં કરવામાં આવ્યું હતું. બારડોલી સુગરના ડિરેક્ટર પદે ચુંટાયેલા તરુણ વાઘેલા (કડોદ) તથા પંકજ પટેલ (નસુરા) તેમજ મઢી સુગર ફેક્ટરીના ડિરેક્ટર પદે ચુંટાયેલા જિતેન્દ્ર પટેલ (બામણી) તથા કેતન પટેલ (કડોદ)નું સન્માન નાગરિક ધિરાણ મંડળીના પ્રમુખ પ્રતાપસિંહ દેસાઇ, ઉપપ્રમુખ પિનાકીન શાહ તથા સેવા સહકારી મંડળીના ઈનચાર્જ મેનેજર નરેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રતાપસિંહ દેસાઇએ જણાવ્યું હતું કે, કડોદ વિભાગને બંને સુગર ફેક્ટરી સારું પ્રતિનિધિત્વ મળ્યું છે. બારડોલી સુગરમાં તરૂણ વાઘેલા ડિરેક્ટર તરીકે ચુંટાતા બારડોલી સુગરના ઈતિહાસમાં પ્રથમવાર કડોદને પ્રતિનિધિત્વ મળ્યું છે.

### હથોડા ગામે વીજ સમસ્યાનો ઉકેલ


ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડા ગામના પટેલ ફળિયા અને મોચી ફળિયામાં માત્ર ૧૦૦ KVAની એક જ ટીસી હોવાથી ગ્રામજનો વર્ષોથી વીજળી હોવા છતાં લો-વોલ્ટેજની ગંભીર સમસ્યાથી ઝૂઝમી રહ્યા હતા. સરપંચ અફસાના આરફ અને તેમના પતિ હુસેન આરફ દ્વારા ગુજરાત વિદ્યુત બોર્ડ કચેરીમાં સતત રજૂઆતો અને ફોલોઅપ કરવામાં આવ્યું હતું. આખરે વીજ કંપનીએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને મોચી ફળિયામાં નવી વધારાની ટીસી મંજૂર કરી કાર્યરત કરી દીધી છે. નવી ટીસી મુકાતાં બંને ફળિયાના લોકોને લો-વોલ્ટેજ અને વીજ ધાંધિયામાંથી મુક્તિ મળતાં રાહતનો શ્વાસ લીધો છે.

### કોસંબાની 108ની ટીમે એમ્બ્યુલન્સમાં જ સગર્ભાની પ્રસૂતિ કરાવી


ઈબ્રાહીમ કાનુ

હથોડા: કામરેજ તાલુકાના કરજણ ગામે શેરડી કાપણી માટે આવેલી શ્રમજીવી મહિલાને અચાનક પ્રસૂતિ પીડા ઉપડતાં કોસંબા સ્થિત 108 એમ્બ્યુલન્સ ટીમે રસ્તામાં જ સફળ પ્રસૂતિ કરાવી નવજીવન આપ્યું હતું. મળતી માહિતી મુજબ મજૂરીકામ માટે આવેલા વિશાલભાઈ કઠુડીનાં પત્ની અંજુબેનને બપોરે 1:30 વાગ્યે ઉપડેલા દુખાવા બાદ 108ને કોલ કરવામાં આવ્યો હતો. કોસંબા સેન્ટરની 108 એમ્બ્યુલન્સના EMT કિરણભાઈ બારીઆ અને પાઇલટ આતિષ જોશી સગર્ભાને લઈ CHC સાયણ હોસ્પિટલ જવા નીકળ્યા હતા. રસ્તામાં દુખાવો વધતાં અમદાવાદ સ્થિત ERCP ડો.સહદેવના માર્ગદર્શન હેઠળ EMT કિરણભાઈએ એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કિટની મદદથી સફળ પ્રસૂતિ કરાવી હતી. પ્રાથમિક સારવાર અને દવાઓ આપ્યા બાદ માતા અને બાળક બંનેને સુરક્ષિત રીતે CHC સાયણ ખસેડાયાં હતાં. આ સફળ કામગીરી બદલ શ્રમજીવી પરિવારે 108 ટીમનો આભાર માન્યો હતો.

### કોસંબામાં પેશાબ કરવા જતાં બાથરૂમમાં ઢળી પડેલા યુવાનનું મોત

હથોડા: કોસંબાની મુસ્લિમ સોસાયટીમાં રહેતો સરફરાજ દિન મોહમ્મદ દિવાન (ઉં.વ.૨૨) છેલ્લા બે દિવસથી સામાન્ય બીમાર હતો. ઝંડા ચોક ખાતેના ખાનગી દવાખાને સારવાર લીધા બાદ ઘરે પરત ફરેલો યુવક આજે બાથરૂમમાં પેશાબ કરવા જતાં અચાનક ઢળી પડ્યો હતો. તેને તુરંત તરસાડીની એપેક્ષ હોસ્પિટલ લઈ જવાતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. આ ઘટના અંગે કોસંબા ટાઉન બીટના પોલીસ જમાદાર સુરેશભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### કડોદરાના ભગુનગરમાં યુવાને ફાંસો ખાધો

પલસાણા: કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન હદમાં આવતા ભગુનગર વિસ્તારમાં એક ૧૯ વર્ષીય પરપ્રાંતીય યુવાને અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાના ઉસ્કા બજાર થાના અંતર્ગત આવતા ગૌરા ગામનો વતની અને હાલ કડોદરા ભગુનગરમાં કૈલાસધામ સોસાયટીના યાદવ ભવન બિલ્ડિંગમાં ચોથા માળે રૂમ નં.એ/૨૧માં રહેતો ૧૯ વર્ષીય આશીષકુમાર રાજકુમાર પાલ તા.૪ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ પોતાના રૂમમાં હતો. તેણે સાંજના ૭:30 વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. બાદ રૂમમાં રહેલા આશરે 3 ફૂટ ઊંચા પ્લાસ્ટિકના કારબા ઉપર ચઢી ધાબાના પંખા સાથે ગમછાનો છેડો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરી અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. યુવાને કયાં કારણોસર આત્મહત્યા કરી એ અંગેનું કોઈ ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

### કુડસદમાં અજાણ્યા યુવકનો મૃતદેહ મળ્યો

કીમ: કીમ નજીકના કુડસદ ગામમાં કીમ-કુડસદ રોડ પર સમ્રાટ પાણીવાળા પાસે રોડ સાઈડેથી આશરે ૩૦થી ૩૫ વર્ષના પુરુષનો અજાણ્યા મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ૫ ઓક્ટોબરે સવારે ૭ વાગ્યાના સુમારે આ યુવક બેભાન હાલતમાં મળ્યો હતો, જેને ખેંચ આવતાં મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક તારણ છે. બનાવની જાણ ૯:૩૦ વાગ્યે થતાં કીમ પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. મૃતકે કાળું શર્ટ અને કાળું ટ્રેક પેન્ટ પહેરેલું છે. તેના જમણા હાથે હિન્દીમાં 'ધર્મેશ' તથા છાતી અને ડાબા હાથે અંગ્રેજીમાં 'D H' ત્રાજવેલું છે. પોલીસે ઓળખ છતી કરવા તજવીજ હાથ ધરી છે.

### કીમમાં આધેડનું પડી જતાં મોત

કીમ: કીમ ગામમાં ભાથીજી મંદિર પાસે મકાન નં.2/76 ખાતે તા.5 ઓક્ટોબરે સાંજે આશરે 7:45 વાગ્યે કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. અહીં રહેતા 50 વર્ષીય હસમુખભાઈ નગીનભાઈ પટેલ અકસ્માતે પડી જતાં તેમના કપાળના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી, જેના કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું.


Milano MULTIPLEX

બારડોલી

Drishyam:The Conclusion
10:00am, 12:00pm,
01:00pm, 03:00pm,
04:00pm, 06:00pm,
07:00pm, 09:00pm,
09:30pm, 10:00pm

The Paradise - 11:00am

Prem Keetnu - 02:15pm

The Vvaan - 05:15pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333